


જન્મ સ્થળ ભલે ઉત્તર પ્રદેશ, વિદ્યાભ્યાસ સ્થળ ભલે મધ્ય પ્રદેશ, સમગ્ર ભારત વર્ષમાં
છેલ્લા પાંચ હજાર વર્ષથી જનજનના માનસમાં અને જીવનના દરેક પાસાઓમાં ગુંથાયેલા પરં
સૌરાષ્ટ્ર (ગુજરાત)માં પોતાના જીવનનો મહત્તમ ભાગ
કાર્યક્ષેત્ર બનાવનાર, રાજધાની સ્થાપી જીવન વિતાવનાર અને દેહોત્સર્ગ પામનાર.
ભગવાન શ્રી કૃષ્ણ
(દ્વારકા-સૌરાષ્ટ્ર)

ટ્ર, લાટ, આનર્ત વગેરે વિભાગીય નામોથી ભારતનાં સાગરતટના પ્રદેશને પ્રથમ વખત અપાવી અને દક્ષિણ રાજસ્થાન, પશ્ચિમ મધ્ય ટ્ર સહિત સમગ્ર ગુજરાતનું મહા રાજય ઉભું થમ સમ્રાટ સોલંકી વંશનો યુગ પુરૂષ



## સિદ્ધરાજ જયસિંહ

### પાટણ-ગુજરાત





### પાટણની અસ્મિતા

## મહારાણી મીનળ દેવી

### પાટણની અસ્મિતા

## મહા મુત્સદી મંત્રી
## મુંજાલ મહેતા







ગુજરાતી ભાષાનું કહ્હું બાંધનાર પ્રથમ વ્યાકરણના રચયિતા અને
યુગ પુરૂષ, જૈન ધર્મ પ્રવર્તક

## મુનીશ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ
પાટણ-ગુજરાત

અર્વાચીનો માં આદ્યકવિ

## નરસિંહ મહેતા
જુનાગઢ - સૌરાષ્ટ્ર




ગુજરાતનાં પ્રથમ પંક્તિના નવલકથાકાર, અગ્રણી રાજકારણ
વિદ્વાન ધારાશાસ્ત્રી, ભારતની એકતાને સુદ્રઢ બનાવાના
શ્રી વલ્લભભાઈ પટેલના મહાયજ્ઞનાં અગ્રણી, સોમનાથ જ્યોતિ
મંદીરના પુનઃ નિર્માણના સહભાગી, હૈદરાબાદને ભારતનો
ભાગ બનાવનાર સિપેહ સાલાર અને હરિત ભારતના કલ્પ

## શ્રી કનૈયાલાલ મા. મુનશી
ભરૂચ - ગુજરાત

શ્રી મુનશી લીખીત અગત્યની નવલકથાઓની યાદી

- પાટણની પ્રભુતા
- જય સોમનાથ
- ભગવાન પરશુરામ
- લોમ હર્ષીણી
- ગુજરાત નો નાથ
- ભગવાન કૌટિલ્ય

# વિશ્વવંદ્ય વિભૂતી




ચેલ લોકોના હૃદયમાં આત્મ સન્માનની ભાવના
જગાવી સત્ય, અહિંસા અને
ની આહલેક દ્વારા ભારતના સ્વાતંત્ર્યની જ્યોત
પ્રગટાવનાર મહામાનવ

## મોહનદાસ કરમચંદ ગાંધી
**પોરબંદર - સૌરાષ્ટ્ર**




અખંડ ભારતના શિલ્પી,
મહાત્મા ગાંધીના પટ્ટશિષ્ય, આદ્ય જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ મંદીરના
પુનઃ નિર્માણના સ્વપ્ન દ્રષ્ટા અને શિલ્પી, કુસુમથી કોમળ અને
વજ્રથી પણ કઠોર હૃદય ધરાવનાર ગરવા ગુજરાતી

## લોખંડી પુરૂષ સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ
**કરમસદ - ગુજરાત**



જન્મથી જ્યેષ્ઠ પરંતુ નાના ભાઈ
સરદાર વલ્લભભાઈ પટેલ સાથે
ખભેખભો મિલાવી ભારતના સ્વાતંત્ર્ય
જંગમાં આહુતી અર્પનાર

## ના સહોદર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
**કરમસદ - ગુજરાત**




દેશના પ્રથમ ગુજરાતી વડાપ્રધાન,
બાહોશ અને લોખંડી શાસક

## શ્રી મોરારજી રણછોડજી દેસાઈ
### વલસાડ - ગુજરાત


---

સ્વતંત્ર ભારતમાં ગુજરાત રાજ્યની સ્થાપના માટે
ઝઝુમનાર મહાગુજરાતની ચળવળના પ્રણેતા, ફકીર

## શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક
### અમદાવાદ - ગુજરાત



---



ગુજરાતી ભાષાને મહાનવલ આપી
વિશ્વ સાહિત્યમાં પદાર્પણ કરાવનાર

## શ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠી
### નડીયાદ - ગુજરાત


દેવતા શની મહારાજનું
પ્રાગટ્ય સ્થળ



## શની દેવ

થલા (પોરબંદર)

દશાવતાર પૈકીનો પાંચમો અવતાર



## વામન ભગવાન

વામન સ્થલી (વંથલી)


યાચક સ્વરૂપ ભગવાનને પોતાનું
ત્રણ લોકનું રાજ્ય અર્પનાર અસુરરાજ



## બલી રાજા

બીલખા


રાજા રામે ઋષિ આશ્રમમાં
પ્રગટાવેલ ધુણો



## ઋષિ ધુણોની જગ્યા

તોરી ખાનખીજડીયા વચ્ચે)


નિર્વાજ્ય પ્રેમ અને પ્રભુ રામની ભક્તિ સાથે
નિર્દોષતાનું પ્રેરક ઉદાહરણ



## શબરીબાઇ

દંડકારણ્ય – ડાંગ

શ્રીરામનાં લંકા વિજય પછીથી
સૌરાષ્ટ્રને વતન બનાવી હજારો વર્ષો સુધી
રહેનાર યોધ્ધો અને મુત્સદી



## જામ્બુવાન (રીંછ રાજા)

બરડો ડુંગર


નાં યુધ્ધમાં માયાજાળથી
પલટનાર ઘટોત્કચની માતા



## (પાંડવ ભીમની પત્ની)

(ઓસમ ડુંગર) પાટણવાવ


શ્રીમદ્ ભાગવત કથાના ધંધૂકારીને
મોક્ષ અપાવનાર નું મોક્ષ અપાવતું તીર્થ



## ગોકર્ણ

ગોકર્ણેશ્વર (કુતીયાણા નજીક)


ભગવાન કૃષ્ણના ઉજ્જૈનમાં
સહપાઠી મિત્ર



## સુદામ ભટ્ટ (સુદામા)

પોરબંદર – સૌરાષ્ટ્ર

કાળયવન અસુરને ભસ્મીભૂત કરીને
શ્રી કૃષ્ણ (રણછોડ) સહિત
યાદવોને બચાવનાર




## મુચકુંદ ઋષી
મુચકુંદ ગુફા-ગિરનાર (જુનાગઢ)

ભગવાન વિષ્ણુને શાલીગ્રામ
સ્વરૂપમાં બદલી નાખનાર
સતી વૃંદા (તુલશી) ના પતિ




## અસુર જાલંધર
દેવ (દીવ)

ભુલ કરનાર ઈશ્વરને પણ
માફ કર્યા વગર
શાલીગ્રામ રૂપમાં ફેરવનાર




## સતી વૃંદા
તુલશી શ્યામ - સૌરાષ્ટ્ર

અણુ-પરમાણુ અંગે વિશ્વભરમાં
પ્રથમ સંશોધનકાર




## ઋષી કણાદ
પ્રભાસ પાટણ

સંયોજન - વિયોજન દ્વારા નવા તત્વોના
રચયિતા, મહાન રસાયણ શાસ્ત્રી




## નાગાર્જુન
પ્રભાસ પાટણ

સૂક્ષ્માતી સૂક્ષ્મ ગણતરીઓ દ્વારા
ગણીતશાસ્ત્રમાં અને સંજ્ઞાઓના સર્જક




## બ્રહ્મ ગુપ્ત
ભીન્નમાળ-ગુજરાત

ચર્તુરવિદ્ પુરૂષાર્થોમાં તૃતીય 'કામકલા'
ના અનેકવિધ પ્રકારોને કામસુત્ર
પુસ્તક દ્વારા ૬૪ વિભાગોમા વહેંચનાર



## મહર્ષિ મલંગ વાત્સ્યાયન
લાટ પ્રદેશ - ગુજરાત

ભગવાન વિષ્ણુની છાતીમા પાદ પ્રહાર
કરીને ક્રોધાગ્નીનો પરચો
બતાવનાર ઋષિવર્ય



## ભૃગુ ઋષિ
ભૃગુ કચ્છ - ભરૂચ

ભૃગુ વંશજ અને ૨૧ વખત
પૃથ્વીને નક્ષત્રીય કરનાર
દશાવતારો પૈકીના એક




## ભગવાન પરશુરામ
ભૃગુ કચ્છ - ભરૂચ

દસ મહાવિદ્યા પૈકી ની
આઠમી મહાવિદ્યા 'બગલામુખી'



**મા સામુદ્રી (સુંદરી ભવાની)**
સુંદરી – હળવદ

ગુજરાતની પહેલી રાજધાની અને
ચાવડા વંશનો સ્થાપક



**વનરાજ ચાવડા**
અણહીલપુર – પાટણ

સહસ્ત્રલીંગ સરોવર સર્જનાર
સોલંકી યુગ પ્રવર્તક




**મુળરાજ સોલંકી**
પાટણ

રાજ્યમાં આમારી (અહિંસા)
પ્રવર્તક



**મહારાજ કુમારપાળ**
પાટણ

મુસ્લીમ સ્થાપત્યોથી શણગારીને
અમદાવાદ વસવનાર



**બાદશાહ એહમદશાહ**
અમદાવાદ

પ્રજા વત્સલ, આધુનિક, કલાપ્રેમી
વડોદરા શહેરનાં સર્જક અને રાજ્યકર્તા



**મહારાજા સયાજીરાવ ગાયકવાડ**
વડોદરા

પ્રજા વત્સલ, કેળવણી પ્રેમી આધુનિક
રાજ્યકર્તા અને એન્સાયકલોપીડીયા
'ભગવદ્ ગો મંડલ' ના પ્રણેતા



**મહારાજા ભગવતસિંહજી**
ગોંડલ

લોકહિતના સમદુખીયા
પ્રજા વત્સલ
રાજવી



**સર લાખાજીરાજ**
રાજકોટ

સૌરાષ્ટ્ર રાજ્યનાં રાજ પ્રમુખ
અને સોમનાથ મહાદેવની સ્થાપનામાં
સરદારના સહાયક



**જામસાહેબ દિગ્વીજયસિંહજી**
જામનગર

સર્વધર્મ સમભાવી
સિન્ધી શહીદ



**સંત કંવરરામ**

ભાવનગર


જન્મજાત
યોગી સિન્ધી સંત



**સ્વામી લીલાશાહ મહારાજ**

આદીપુર – કચ્છ

મા ની ગાળ, ઘી ની નાળ ની જેમ
પોતાના શિષ્યોને ઈશ્વર ભકિતમાં
ઓતપ્રોત કરનાર સંત



**સંતશ્રી બજરંગદાસ બાપા**

બગદાણા

શામળીયા (કૃષ્ણ) સર્જનહારને
સાધનાર સૌરઠીયા વણીક સંત



**સંતશ્રી શામળા બાપા**

રૂપાવટી (ભાવનગર)


અક્રમ વિજ્ઞાન દ્વારા
સામાન્ય જન સુધી આત્માની ઓળખ
પહોંચાડનાર આત્મજ્ઞાની



**દાદા ભગવાન**

(અંબાલાલ મુળજીભાઇ પટેલ)
ભાદરણ– વડોદરા

વિશ્વભરમા આધુનિક-કલાપૂર્ણ
મંદીરોનુ નિર્માણ કરી ભારતીયતાની
ફોરમ મહેંકાવનાર સંત



**પ્રમુખ સ્વામી મહારાજ**

બોચાસણવાસી સંત


લાખો ભુખ્યા પેટની જઠરાગ્નિ અન્નદેવથી
ઠારનાર અને લાખોને
નેત્ર જ્યોતિ અર્પણ કરાવનાર સંત



**પૂજ્યપાદ ગુરૂવર્ય સંતશ્રી
રણછોડદાસજી મહારાજ**

રાજકોટ


કરોડો હૃદય સુધી
રામાયણ પહોંચાડનાર
સંત કથાકાર



**મોરારી બાપુ**

તલ ગાજરડા (મહુવા)

ઘેર-ઘેર અબાલ વૃધ્ધોને
રામાયણ, મહાભારત કથાઓમાં
રસ તરબોળ કરનાર



**માણભટ્ટ પ્રેમાનંદ**


વડોદરા

ાલીન યુગનાં પ્રજાજનોને જ્ઞાન
ોક રંજક વાર્તારસમાં ઝબોળનાર




**શામળ ભટ્ટ**
નંદરબાર

ગુજરાતીમા લલીત પદાવલીઓ રચીને
કૃષ્ણ ભક્તિમા રસતરબોળ કરનાર કવિ



**દયારામ**
ચાંદોદ - વડોદરા

સમાજનો ડખો પોતાના છપ્પા
(કવિતા) થી ચીંધનાર




**કવિ અખો**
અમદાવાદ

ડંબરો છોડીને તત્વ ચિંતનનો
ડુંગરો ચિંધનાર કવિયત્રી



**ગંગા સતી**
રાજપરા – પાલીતાણા

ઋચા ઉદ્‌ગાતા અભણ કવિ અને
ભજનીક




**દાસી જીવણ**
ઘોઘાવદર – ગોંડલ

ચાબખારૂપી ભજનોથી સમાજના પ્રપંચો
ખુલ્લા પાડી સુધારણા કરનાર



**ભોજા ભગત**
અમરેલી

ર્બસ મહા સભા દ્વારા માતૃ ભાષા
રાતીની સેવા કરનાર લોક ભોગ્ય કવિ



**દલપતરામ**
અમદાવાદ

ગુજરાતી ભાષાનાં ઋજુ
પારસી કવિ



**અરદેશર ફરામજી ખબરદાર**
દમણ

સંવેદના સભર
રાજવી કવિ



**કવિ કલાપી**
(શુરસિંહજી તખ્તસિંહજી ગોહીલ) - લાઠી


ગુજરાતી ભાષામાં કવિ કાલીદાસ સમકક્ષ
મહા કાવ્યોના રચનાકાર



**કવિ ન્હાનાલાલ**

અમદાવાદ


'વિશ્વશાંતી'ના પ્રયોજક, માનવીને
માનવ થવાનું સ્વપ્ન અર્પનાર કવિ



**કવિ ઉમાશંકર જોષી**

બામણા – સાબરકાંઠા

સવાઇ
ગુજરાતી સાહિત્યકાર



**કાકા સાહેબ કાલેલકર**

અમદાવાદ

'ત્રણ પાડોશી' ના કર્તા, અરવિંદ આશ્રમમાં
આધાત્મ ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર
મુર્ધન્ય કવિ



**સુન્દરમ્** (ત્રિભુવનદાસ પુરષોત્તમદાસ લુહાર)

માતર – ભરૂચ


'તણખા' ના સર્જક અને નવલકથા
ગ્રંથાવલીઓ દ્વારા મધ્યકાલીન ગુજરાતનો
ઇતિહાસ ઉજાગર કરનાર



**ગૌરીશંકર જોષી (ધૂમકેતુ)**

વીરપુર

ગાંધીયુગની છબી ઝીલી મધ્યમ
વર્ગીય ગુજરાતી સમાજને નવલકથામાં
આલેખનાર અને 'અપ્સરા' ના સર્જક



**રમણલાલ દેસાઇ**

શીનોર– વડોદરા

મધ્યકાલીન ગુજરાતનાં સમુદ્ર કિનારો
અને મધ્ય આફ્રિકાની સંસ્કૃતિને
કલ્પના સભર ચરિત્ર ચિત્રણ અર્પનાર



**ગુણવંતરાય આચાર્ય**

જેતલસર (રાજકોટ)


લોક સાહિત્યને
ઉજાગર કરનાર
રાષ્ટ્રીય શાયર



**ઝવેરચંદ મેઘાણી**

બગસરા

ભીતર
ભુવનધણીને
ભાળતા સાંઇ કવિ



**મકરન્દ દવે**

ગોંડલ


ચારણી સાહિત્યને
ઉજાગર કરનાર પદ્મશ્રી કવિ



## દુલા ભાયા કાગ

મજાદર – ભાવનગર

પ્રાણીઓમાં પણ ઈશ્વર જોતા,
રણને સેવા ક્ષેત્ર બનાવનાર સેવક



## મેકરણ દાદા

કચ્છ

ઈશ્વરીય સૃષ્ટિને પૃથ્વી પર પ્રગટાવનાર
નપાણીયા મુલકનું પાણીદાર મોતી



## માતંગ દેવ

કચ્છ


૧૯મી સદીના પૂર્વાર્ધથી સમાજ સુધારણા
અને ખાસ કરીને વિધવા વિવાહ
માટે લડત ચલાવનાર



## દુર્ગાશંકર મહેતા

સુરત

માણસાઈના
દીવા પ્રગટાવનાર
સેવક



## રવિશંકર મહારાજ

ખેડા જીલ્લો


આદીવાસી - વનવાસી
સમાજના
હમદર્દ



## અમૃતલાલ ઠક્કર (ઠક્કર બાપા)

ભાવનગર

ખેડા જીલ્લામાં સમાજ સુધારણાની
આહલેક જગાડનાર



## મોતીભાઈ અમીન

વસો–પેટલાદ


રકતદાન, ચક્ષુદાન, દેહદાનની આહલેક
જગાડનાર પ્રથમ અકીંચન સેવક



## માનભાઈ ભટ્ટ

ભાવનગર

અનેક પ્રકારના સાહિત્યની પ્રસાદીરૂપ
સસ્તા પુસ્તકો ઘરે ઘરે પહોંચાડનાર



## ભીક્ષુ અખંડ આનંદ


અમદાવાદ

ટાંચા સાધનોથી કલમને તોપ બનાવી
સ્વાતંત્ર્ય યુદ્ધ લડનાર ભડવીર પત્રકાર



## અમૃતલાલ શેઠ
રાણપુર–સુરેન્દ્રનગર

આરઝી હકુમત દ્વારા જુનાગઢની પ્રજાને
આઝાદી બક્ષી નવાબની સાન ઠેકાણે લાવનાર
ગાંધી કુટુંબનો સુયોગ્ય વારસદાર, નિડર પત્રકાર



## શામળદાસ ગાંધી
પોરબંદર

ગુજરાતના
મધર ટેરેસા




## અનસુયાબેન ઠક્કર
ગોરજ આશ્રમ – વડોદરા

"સેવા સંસ્થા" દ્વારા સ્ત્રી ઉન્નતી
માટે કામ કરી વિશ્વમાં નામના પ્રાપ્ત કરનાર




## ઈલા ભટ્ટ
અમદાવાદ

પહેલા ચુસ્ત રાષ્ટ્રભક્ત પછીથી ભારતના
ધર્મ આધારિત ભાગલા સર્જનાર બેરીસ્ટર




## મહમદ અલી જીણા
પાનેલી મોટી – રાજકોટ

અગ્નિ કુંડનું ગુલાબ, મહાત્મા ગાંધીના
રહસ્ય મંત્રી અને માનસ પુત્ર




## મહાદેવભાઈ દેસાઈ
દીહણ – સુરત

અંગ્રેજ રાજ્યની રાજધાનીમાં તેમની
છાતી પર રહેનાર બગાવતી સ્વાતંત્ર્ય સેનાની




## શ્યામજી કૃષ્ણવર્મા
માંડવી – કચ્છ

નીડર, રાષ્ટ્રવાદી ક્રાંતીકારી સિંહોના
સરદાર




## સરદારસિંહ રાણા
કંથારીયા – લીમડી

લોક સભાના
પ્રથમ સ્પીકર



## દાદાસાહેબ માવળંકર
અમદાવાદ


રાષ્ટ્રવીર, ક્રાંતિદ્રષ્ટા



**છેલભાઇ દવે**

વઢવાણ કેમ્પ


ગુજરાતના પ્રથમ મુખ્ય મંત્રી અને
કુશળ રાજનીતીજ્ઞ



**ડો. જીવરાજ મહેતા**

અમરેલી

કોંગ્રેસ પક્ષના આઝાદી પછીના
પ્રથમ ગુજરાતી પ્રમુખ



**ઉચ્છંગરાય ન. ઢેબર**

**(ઢેબરભાઇ) - રાજકોટ.**


પંચાયતી રાજયના પ્રવર્તક અને પાકીસ્તાની
હુમલાના શહીદ મુખ્ય મંત્રી



**બળવંતરાય મહેતા**

ભાવનગર


સીંધનો સકકરબરાજ, વલ્લભ વિદ્યાનગરના
સ્થાપતી અને રાજકારણી



**ભાઇલાલભાઇ પટેલ**

આણંદ

રીઝર્વ બેંકના ગુજરાતી ગર્વનર
અને નાણા પ્રધાન



**એચ.એમ. પટેલ**

આણંદ


હરસિધ્ધિ માતાની ડુંગરની ટોચેથી
તળેટીમાં સ્થાપના કરનાર,
મહાન દાનવીર



**શેઠ જગડુશા**

કચ્છ


ભગવાનની ભૂલ ભરેલી
માંગણી સ્વીકારી
ભીંસમાં લેનાર સોરઠીયા વણીક ભક્ત



**શેઠ સગાળશા (ચેલૈયો)**

બીલખા

ગુજરાતની પ્રથમ કાપડ મીલની સ્થાપના
કરી અમદાવાદને ભારતના માન્ચેસ્ટર
તરીકે ઓળખ આપનાર



**રણછોડજી દેસાઇ**


અમદાવાદ

યુગાન્ડાના ખાંડના રાજા અને
પ્રથમ ગાંધી મંદીર (કિર્તી મંદીર)
ના સ્થાપક



**નાનજી કાલીદાસ મહેતા**
પોરબંદર

શ્રી નુ ઉપાર્જન કરી સામાન્ય જનને
સરસ્વતી પૂજન કરવા માટે અનેક
સંસ્થાઓ સ્થાપનાર દાનવીર



**મેઘજી પેથરાજ શાહ**
જામનગર

જગડુશા થી શરૂ થયેલી
મહાજન પ્રથાના
વારસદાર શ્રેષ્ઠી



**શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ**
અમદાવાદ

ભારત અને આફ્રીકા વચ્ચે દરીયાઇ માર્ગે
ફરીથી ઉતારૂ સેવા શરૂ કરનારી
પ્રથમ કંપનીના સ્થાપક




**નરોત્તમ મોરારજી**
પોરબંદર

નેવીગેશન કંપનીના
પ્રથમ સ્ત્રી
મેનેજીંગ ડાયરેકટર




**સુમતીબેન મોરારજી**
પોરબંદર

નાનકડી ધીરધાર કંપનીને બેંક સ્વરૂપે
ઘડતર કરી બેંકીંગ
સામ્રાજ્ય સ્થાપનાર




**દેવકરણ નાનજીભાઇ શેઠ**
પોરબંદર

રોજીંદુ લાખેણુ દાન કરનાર
આધુનિક ભામાશા




**દીપચંદ ગારડી**
પડધરી (જામનગર)

શૂન્યમાંથી ઉદ્યોગોની
સૃષ્ટિના સર્જક




**ધીરૂભાઇ અંબાણી**
ચોરવાડ

સામાન્ય વેપારી પરિવારમાં જન્મી I.T.
ઉદ્યોગમાં ટોચ પર પહોંચનાર દાનવીર



**અઝીમ પ્રેમજી**
માંડવી – કચ્છ


આકાશી તત્વોનાં સંચાલનની
માહિતીપૂર્ણ
ઋચાઓના શોધક, ખગોળશાસ્ત્રી



## વટેશ્વર

વડનગર

અકબરના દરબારી ગવૈયા તાનસેનને
હરાવી શાસ્ત્રી ગાયન પધ્ધતિથી પથ્થરોને
પણ પીગળાવનાર સંગીતજ્ઞ



## વ્રજનાથ નાગર (બૈજુ બાવરા)

ચાંપાનેર

મોગલકાળના સંગીતજ્ઞ “તાનસેન”
ને શાતા અર્પનાર બહેનો,
કવિ નરસિંહ મહેતાની દોહીત્રીઓ



## તાના રીરી

વડનગર

મધ્યકાલીન શિલ્પકલાનો
બેનમૂન સર્જક



## હીરો સલાટ

દર્ભાવતી – ડભોઇ

સંગેમરમર ના બેનમૂન શિલ્પો
જગતને અર્પનાર



## વસ્તુપાળ તેજપાળ

ધોળકા

નોસ્ત્રાદોમસથી પણ વધૂ ચોક્કસ
અગમવાણી ભાખનાર



## દેવાચત પંડીત

(સૌરાષ્ટ્ર)

હવામાનના
વર્તારાના દુહાઓ રચનાર



## ભડલી

કચ્છ

ચૌર્ય કળાના નિષ્ણાત અને
અદ્રશ્ય થવાની શક્તિ ધરાવનાર



## ખાપરો કોડીયો (ઝવેરી)

ધાંધલપુર – ચોટીલા


વેરીની વસમી વેળાએ તેના આંગણે
આવી વસવસો કરનાર સંત બહારવટીયો



## જોગીદાસ ખૂમાણ

કુંડલા–ભાવનગર


જગ પ્રસિદ્ધ જાદુ સમ્રાટ



## જાદુગર કે.લાલ

બગસરા – અમરેલી


આધુનિક દુર સંદેશા વ્યવહારના પ્રણેતા



## ડો. શામ પિત્રોડા

હળવદ


વિશ્વમાં સૌથી વધુ મોતીયાના ઓપરેશન કરી 'દિવ્ય જ્યોત' પ્રગટાવનાર



## ડો. શીવાનંદ અધ્વર્યુ

વીરનગર–રાજકોટ

કીડનીનાં અનેક રોગીઓને જીવતદાન આપનાર જગ વિખ્યાત નિષ્ણાત સર્જન



## ડો. એચ.એલ.ત્રિવેદી

હળવદ

શ્વેતક્રાંતી દ્વારા ભારતમાં દૂધ ઉત્પાદન અને માર્કેટીંગ ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર



## ડો. વર્ગીસ કુરીયન

આણંદ

હાઉસીંગ લોનનો નવો વિકલ્પ આપીને સામાન્ય ભારતીયજન માટે ઘરના ઘરનું સપનુ સાકાર કરનાર અને બેંક સંસ્થાપક



## દીપક પારેખ

સુરેન્દ્રનગર


'ગીર ના રાજા' અને જંગલની પ્રાણી સૃષ્ટિને કેમેરામાં કલાત્મક રીતે કંડારનાર



## સુલેમાન પટેલ

થાનગઢ

ગુજરાતનાં પક્ષીઓનાં પરિક્ષક, પક્ષીવીદ્



## લવકુમાર ખાચર

જસદણ


પ્રથમ ગુજરાતી સ્ત્રી અવકાશયાત્રી અને સૌથી વધુ સમય અવકાશ સ્ટેશનમાં રહેનાર



## સુનીતા વીલીયમ્સ

અમદાવાદ

જગ વિખ્યાત પક્ષી
શાસ્ત્રના નિષ્ણાત



**સલીમ અલી**

કાર્યક્ષેત્ર : મુંબઇ


ચારણી અને સોરઠી સાહિત્યનો
અષાઢીલા કંઠ નો ગાયક



**હેમુ ગઢવી**

રાજકોટ


જીવન ઘડતરના પુસ્તકોના સર્જક,
સવાઇ ગુજરાતી



**ફાધર વાલેસ**

અમદાવાદ


૧૯ મી સદીના પરોઢના છ મહાન
સ્વાતંત્ર્યવીર સેનાનીઓ પૈકીના એક



**દાદાભાઇ નવરોજી**

નવસારી


સૌપ્રથમ ગુજરાતી દૈનિક પત્ર
મુંબઇ સમાચારના સ્થાપક



**ફુર્દનજી મર્ઝબાન**

મુંબઇ

આધુનિક ભારતના આદ્ય ઉદ્યોગ
પ્રવર્તક



**જમશેદજી નસરવાનજી તાતા**

નવસારી

ભારતીય માલીકીની
'સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા' ના સ્થાપક



**સોરાબજી પોચખાનવાલા**


આંતર રાષ્ટ્રીય સ્તરે ભારતનો રાષ્ટ્ર ધ્વજ
પ્રથમ ફરકાવનાર



**મેડમ ભીખાઈજી કામા**

ઉદવાડા


પ્રથમ પ્રસિદ્ધ ગુજરાતી મહિલા
તસ્વીરકાર



**હોમાઇ વ્યારાવાલા**


વ્યારા

પ્રથમ વિમાની પાયલોટ અને
અગ્રીમ ઉદ્યોગપતિ



**જે.આર.ડી. તાતા**
નવસારી

ઉદ્યોગ સામ્રાજય થકી વિશ્વમાં પ્રસિધ્ધ
અને નાની(નેનો) કારના
સ્વપ્ન દ્રષ્ટા સર્જક




**રતન તાતા**
નવસારી

ભારતીય સેનાનાં પ્રથમ ફીલ્ડમાર્શલ
અને ભૂમીદળનાં જાંબાઝ સેનાપતિ



**શામ માણેકશા**
ઉદવાડા

ભારતના અર્થતંત્રને સુપેરે
પારખનાર મોટું નામ



**નાની પાલખીવાલા**
નવસારી

દેશપ્રેમી પ્રથમ
અણુ વિજ્ઞાનિ



**ડો. હોમી ભાભા**
ઉદવાડા

ભાભા અણુ કેન્દ્રનાં વિશ્વ વિખ્યાત
વિજ્ઞાની



**ડો. હોમી શેઠના**
નવસારી

ભારતની પ્રથમ ટેસ્ટ ક્રિકેટ ટીમના
પ્રથમ પાણીદાર કપ્તાન



**મહારાજ નટવરસિંહ**
પોરબંદર

મહાન ક્રિકેટર રાજવી



**જામ રણજીતસિંહ**
જામનગર

ક્રિકેટ જગતનું જામ રણજી સાથેનું
હાલારનું ચમકદાર મોતી



**દુલીપસિંહ**
જામનગર

ક્રિકેટ રમતનાં ઓલ રાઉન્ડર
ડાબોડી બેટ્સમેન



**વિનુ માંકડ**
જામનગર

ઉદ્યોગપતિ ક્રિકેટર અને જાણીતા
કોમેન્ટ્રેટર



**વિજય મર્ચન્ટ**
જામનગર

કાનપુર ટેસ્ટમા એક જ દાવમાં
નવ વિકેટ ઝડપનાર સ્પીન બોલર



**જશુ પટેલ**
અમદાવાદ

રણજીતસિંહ, વિનુ માંકડ પછીનો ભારતીય
ક્રિકેટ ટીમનો શ્રેષ્ઠ ગુજરાતી કેપ્ટન



**નરીમાન (નરી) કોન્ટ્રાક્ટર**
ગોધરા

લીલી નાઘેર માંગરોળના લીલા નાળીયેરો
ની જેમ પાણીદાર ક્રિકેટવીર, ટેસ્ટ ખેલાડી



**સલીમ દુરાણી**
માંગરોળ

પ્રથમ ટેનીશ સ્ત્રી ખેલાડી



**નિરૂપમા માંકડ**
જામનગર

બિલીયર્ડના વિશ્વવિજેતા રમતવીર



**ગીત શેઠી**
અમદાવાદ

રાયફલ શુટીંગ ચેમ્પીયન




**લજ્જા ગોસ્વામી**
અમદાવાદ

અનેક રજત જયંતિ ફિલ્મોના સર્જક



**ચંદુલાલ શાહ**
જામનગર

લાહોરમાં સર્વપ્રથમ ફિલ્મી સ્ટુડીયોના સ્થાપક



**દલસુખ પંચોલી**

હળવદ


જગતના અગ્રીમ ફિલ્મ સર્જકોમાં સ્થાન પામનાર સર્જક



**મહેબુબ ખાન**

વડોદરા

અનેક ઐતિહાસિક, ધાર્મિક સંગીતમય ફિલ્મોના સર્જક મહાત્મા ગાંધીજીએ તેમના જીવનમાં જોયેલ એકમાત્ર ફિલ્મ 'રામ રાજ્ય' ની સર્જક બેલડી



**વિજય ભટ્ટ - શંકર ભટ્ટ**

પાલીતાણા


રંગભૂમીનો સિંહ, પ્રથમ ટેકનીકલર ફિલ્મ બનાવનાર કસબી



**સોહરાબ મોદી**

સંજાણ

કીકાભાઇ દેસાઇના સુયોગ્ય વારસદાર, બોક્સ ઓફીસ હીટ ફિલ્મોના સર્જક



**મનમોહન દેસાઇ**

સુરત

માતૃભક્ત, કમનીય કથાઓની કલાકૃતિઓને કચકડે કંડારનાર કસબી



**સંજય લીલા ભણશાલી**

કચ્છ

ફિલ્મી સંગીતને નવો આયામ આપનાર સદાબહાર સંગીત સર્જક



**(શંકર) જયકિશન પંચાલ**

વાંસદા

અગ્રીમ ફિલ્મ સંગીતકાર જોડી માંહેની સપ્રસિદ્ધ જોડી



**કલ્યાણજી આણંદજી**

માંડવી-કચ્છ


ગુજરાતના ઘરે ઘરે ગુજરાતી ગીતોને પહોંચાડનાર સંગીતકાર



**અવીનાશ વ્યાસ**

અમદાવાદ

અફીણી સંગીતનો સર્જક




## દિલીપ ધોળકીયા
જુનાગઢ

ગમતીલુ ફિલ્મ સંગીત સર્જક




## અજીત મર્ચન્ટ
અમદાવાદ

ગુજરાતમાં શાસ્ત્રીય સંગીત પ્રસરાવનાર



## ક્ષેમુ દીવેટીયા
કચ્છ

'ચાંદી' જેવી ગાયકી અને 'સોનેરી' ગઝલોના ગાયક



## મનહર ઉધાસ - પંકજઉધાસ
રાજકોટ

સંગીત દ્વારા ગુજરાતી સંસ્કૃતિ, સંગીત અને તેના લય ને સારાયે દેશમાં લોકપ્રિય કરનાર




## ઈસ્માઈલ દરબાર
સુરત

આધુનિક ફિલ્મી સંગીતમાં પગદંડો જમાવનાર કચ્છી બંધુ બેલડી



## સલીમ-સુલેમાન મર્ચન્ટ
ભૂજ-કચ્છ

ફિલ્મી સંગીત અને ગાયકીમાં નવો આયામ સર્જનાર છેલ છબીલો સંગીતકાર



## હીમેશ રેશમીયા
ડુંગર (જાફરાબાદ)

ગુજરાતી ફિલ્મોની ગુણસુંદરી અને હિન્દી ફિલ્મોની મમતાભરી મા



## નીરૂપા રોય
વલસાડ

બોલીવુડના મધ્ય યુગની ચુલબુલી ગુજરાતી અભિનેત્રી



## આશા પારેખ
મહુવા-ભાવનગર

નવાબી નજાકતને હિન્દી ફિલ્મી પડદા પર સાકાર કરનાર



## પરવિન બાબી

જનાગઢ

વ્યાપારી કુટુંબમાં જન્મેલ પરંતુ ફિલ્મ કલ દ્વારા વિદ્યા વ્યાસંગી



## ડિમ્પલ કાપડીયા

ચોટીલા

દશાનન સ્વરૂપે જનમાનસમા રાવણની અસલી આભા અર્પનાર



## અરવિંદ ત્રિવેદી

સાબરકાંઠા


આધુનિક ગુજરાતી નાટકોના અભિનય સમ્રાટ, બેજોડ ફિલ્મ કલાકાર



## હરીભાઈ ઝરીવાલા (સંજીવકુમાર)

સુરત


નાટ્ય ક્ષેત્રેથી ફિલ્મી ક્ષેત્રે ખલનાયક અને હાસ્ય કલાકાર તરીકે કિર્તી પ્રાપ્ત કરનાર



## પરેશ રાવલ

પાળીયાદ


દૂધ સાગર ડેરીના પ્રણેતા



## સ્વ. શ્રી માનસિંહભાઈ ચૌધરી

ચરાડા - મહેસાણા

ભારતના પ્રખ્યાત પંજપીર પૈકીના પીરની જગ્યા



## હાજી પીર

કચ્છ


પુરુષાર્થના પ્રેરણામૂતિ



## ધીરુભાઈ અંબાણી

ચોરવાડ - જૂનાગઢ

પુરુષાર્થના પ્રેરણામૂતિ



## કરશનભાઈ પટેલ

રૂપપુર - ચાણસ્મા